# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RS AMRIT BHARAT

રાજ્યમાં 87 રેલવે મથકોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવાશે. જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, ગાંધીધામ, જૂનાગઢ, ખંભાળિયા, મહેસાણા, સામખીયાળી, નડિયાદ, પાલનપુર, લીમખેડા સહિતના મથકોનો સમાવેશ થાય છે. આ મથકોના વિકાસ માટે નાણાકીય વર્ષ 2025-26 માટે એક હજાર 843 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી જૂન 2025 સુધીમાં 433 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

રાજ્યસભામાં સાંસદ નરહરી અમીનના પ્રશ્નનો જવાબ આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા જણાવ્યુ કે અત્યાર સુધીમાં, ડાકોર, ડેરોલ, હાપા, જામ જોધપુર, જામ વંથલી સહિત 18 મથકોના પહેલા તબક્કાના કામો પૂર્ણ કરાયા છે. દેશમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કુલ એક હજાર 337 રેલવે મથકો વિકસાવાશે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ 2025-26 માટે 12 હજાર 118 કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું, જેમાંથી જૂન 2025 સુધીમાં 2 હજાર 612 કરોડનો ખર્ચ કરાયો છે.

. . . . . . . . . . .

# BULLET TRAIN PROJECT

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સાબરમતી નદી પર 36 મીટર ઉંચો પુલ બાંધવાની કામગીરી ચાલી રહી છે. જે 12 માળની ઈમારત જેટલી ઊંચાઈ ધરાવે છે. 480 મીટર સુધી ફેલાયેલો આ પુલ પશ્ચિમ રેલવેની અમદાવાદ-દિલ્હી મેઈન લાઇનની બાજુમાં છે, જે લગભગ

14.8 મીટર ઊંચી છે. આ પુલમાં 50 થી 80 મીટર સુધીના લાંબા સ્પાનનો ઉપયોગ કરાયો છે, જેથી નદીના પટમાં થાંભલાની સંખ્યા ઘટાડી શકાય. એકવાર તૈયાર થઈ ગયા પછી, આ પુલ હાઈ સ્પીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાલમાં ચાલી રહેલા રેલ નેટવર્ક વચ્ચેના સમન્વયનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે.

. . . . . . . . . . .

# SAPECIAL TRAIN

સ્વતંત્રતા દિવસ અને જન્માષ્ટમીના તહેવારો દરમિયાન પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્ટેશનો વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે.બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્પેશિયલ ગુરુવાર અને રવિવારે બાંદ્રા ટર્મિનસથી રાત્રે 9:20 ઉપડશે અને બીજા દિવસે અમદાવાદ સવારે 05.25 કલાકે અને ઓખા બપોરે 4:45 કલાકે પહોંચશે. આ ટ્રેન 14 અને 17 ઓગસ્ટ, 2025 ના રોજ દોડશે.

તેવી જ રીતે ઓખા-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ શનિવાર અને મંગળવારે ઓખાથી સવારે 08:20 મિનિટે ઉપડશે અને અમદાવાદ સાંજે 5.05 મિનિટે પહોંચશે અને બીજા દિવસે સવારે 04:00 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન 16 અને 19 ઓગસ્ટ, 2025ના રોજ દોડશે. મુસાફરો વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . .

# PATAN – ST BUS

કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે આજે પાટણ જિલ્લાના સિદ્ધપુરથી ગુજરાત એસટી નિગમની ત્રણ નવી બસોને લીલીઝંડી આપી. આ બસો સિદ્ધપુરથી માતાનોમઢ, ભુજ અને સંતરામપુર સુધીના રૂટ પર દોડશે જેમાં  મુસાફરોને વધુ આરામદાયક અને સુરક્ષિત મુસાફરી ઉપલબ્ધ થશે.

. . . . . . . . . . .

# BOTAD – KUNVARJI  BAVALIYA

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં બોટાદમાં પાણી પુરવઠા વિભાગ, વાસ્મો કચેરી તથા સિંચાઈ વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ. આ બેઠકમાં શ્રી બાવળીયાએ જિલ્લાના લોકોને પીવાના પાણીની મુશ્કેલી ન રહે અને સુખાકારીમાં વધારો થાય તે અંગે માર્ગદર્શન આપ્યું. બેઠકમાં જિલ્લાની મહત્વપૂર્ણ નદીઓ ગોમા, સુખભાદર, સીતાપરી, કેરી, ઘેલો તથા અન્ય નદીઓ પર ચેકડેમ શ્રેણી બનાવવાની યોજના અંગે પણ  વિશેષ ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . . .

# STATE DAM

રાજયમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે જ્યારે અત્યાર સુધી રાજ્યમાં મોસમનો સરેરાશ 62 ટકાથી વધુ વરસાદ નોંધાયો

છે. ભારે વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 81 ટકા ભરાયો છે. મધ્યપ્રદેશના ઓમકારેશ્વર બંધમાંથી નર્મદા નદીમાં પાણી છોડાતા રાજ્યના નર્મદા બંધના જળસ્તરમાં વધારો થયો છે. આજે માત્ર 23 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

. . . . . . . . . . .

# SABARKANTHA KHEDUT

સાબરકાંઠાના એક પ્રગતિશીલ ખેડૂત પ્રાકૃતિક ખેતીને અપનાવી આત્મનિર્ભર બન્યા છે. તલોદ તાલુકાના પુંસરી ગામના ખેડૂત સતિષ પટેલે પોતાના ખેતરને પ્રાકૃતિક મોડેલ ફાર્મ બનાવ્યું છે. તેઓ ઘઉં, બટાકા, મગફળીની સાથે શાકભાજી પાકોનુ વાવેતર કરે છે. સતિષભાઈ જણાવે છે કે તેઓ મગફળી, સોયાબીન, મરચા, ભીંડા, ચોળી, તુવેર, રીંગણ, જેવી શાકભાજીની ખેતી કરીને સારું ઉત્પાદન પણ મેળવે છે. તેઓ પાસે બે મોટી ગાય અને બે વાછરડી છે. તેમજ ગાય નિભાવ સહાય સરકાર દ્વારા મેળવે છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે,,, સતીષ પટેલ..

(BYTE- SATISH PATEL, KHEDUT)

. . . . . . . . . . .

# MEHSANA FOOTBALL

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે 64મી સુબ્રોતોરોય મુખર્જી રાજ્યકક્ષાની ફૂટબોલ જુનિયર અંડર-17 બહેનોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી 27 ટીમો એ ભાગ લીધો હતો. અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે આ સ્પર્ધામાં બનાસકાંઠા જિલ્લાની ટીમ પ્રથમ ક્રમે રહી વિજેતા બની હતી.

. . . . . . . . . . .